# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ–કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-  વાર્ષિક લવાજમ રૂ.૪૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

અમેરિકા, કૅનેડા, બ્રિટન, જર્મની, ફ્રાંસ, બેલ્જિયમ અરે કોરિયા, જાપાન, રશિયા કે ચાયનામાં હિમયુગનાં એંધાણ દેખાઈ રહ્યાં છે, ત્યારે ગમે તે કહો, આપણે અહીં ગુજરાતમાં-મહારાષ્ટ્રમાં કે મુંબઈમાં શરીરને સાનુકૂળ થાય તેવી ગુલાબી ઠંડી માણી રહ્યા છીએ. કાતિલ ઠંડી કોને કહેવાય તેનો અહેસાસ નથી થતો. બધા કહે છે કે એ તો આ ભૂમિના પુણ્યનો પ્રતાપ છે. ઘણા સમુદાય માટે એમ કહેવાય છે એ તો પાપ કરવામાં પાછું વાળીને જોતો નથી તેવી જ રીતે આપણા સમુદાય માટે ચોક્કસ કહી શકાય કે આપણે પુણ્યકાર્ય કરવાથી થાકતા નથી!

એવા પુણ્યનાં પવિત્ર કાર્યો જેજેસીના ચોપડે લખાયાં છે તે માટે તેઓ અભિનંદનના અધિકારી છે. ડિક્શનેરીના કોઈ પણ શબ્દ નાના પડે તેવી મોંઘવારીના સમયમાં જરૂરતમંદોને આશ્વાસનરૂપ સમૂહલગ્નના સફળ-શિસ્તબદ્ધ-શાંતિપૂર્ણ આયોજન માટે સેન્ટ્રલ બોર્ડ-૨૦ લગ્ન, સુરેન્દ્રનગર-૧૧ લગ્નની ટીમને તેમની કાર્યદક્ષતા માટે અભિનંદન. આ ઉપરાંત તા. ૯-૧-૨૦૧૧ના રોજ વડોદરા મુકામે જેજેસી-કલાનગરી દ્વારા સતત ૧૧મા વર્ષે પણ જબરદસ્ત સફળતાને વરેલ યુવામેળાના આયોજન બદલ ખૂબખૂબ ધન્યવાદ. યુવામેળામાં નોંધાયેલી ૬૦૦ ઉપરાંત યુવક-યુવતીની હાજરી એ વાતનો પુરાવો છે કે સગપણની સમસ્યા એ સાંપ્રત સમયની બહુ જ કડવી હકીકત છે, જેને આપણાં જૈન જાગૃતિ સેન્ટરો હળવી બનાવી સમાજસેવા કરી રહ્યાં છે. ઉપરાંત મુંબઈ ખાતે યોજાઈ ગયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ જેજેસીના ઈતિહાસમાં એક કલગી સમાન પુરવાર થઈ. બહારગામની પાંચ ટીમ સાથે કુલ ૨૪ ટીમે ભાગ લઈ અભૂતપૂર્વ જુસ્સો, તાકાત-એનર્જીનો દેખાવ કર્યો અને આપણા સંસ્કારમય સભ્યોએ ખેલદિલીનો પરચો બતાવ્યો. બધી ટીમોને ધન્યવાદ અને ચૅમ્પિયન બનેલી જેજેસી-કાંદિવલી તથા રનરઅપ બનેલી બોરીવલીની ટીમને ખૂબખૂબ અભિનંદન. ફાઈનલ મૅચ જોતી વખતે એટલો રોમાંચક અનુભવ થયો, દરેક બૉલે બદલાતા રંગથી એટલો આનંદ આવ્યો કે જાણે વર્લ્ડકપ જોતા હોઈએ! આનાથી પ્રેરાઈને અમને જરૂરથી આશા છે કે આવતા વર્ષે હજી વધારે ને વધારે સેન્ટરની ટીમ આમાં ભાગ લઈ ટુર્નામેન્ટને વધુ રોમાંચક અને રંગીન બનાવશે.

આ સાથે જેજેસી-સુરેન્દ્રનગરને રજતજયંતી વર્ષ અને જેજેસી-જુહુ બીચને તેમના દ્વિદશાબ્દી વર્ષ માટે વધામણાં.

જૈન જાગૃતિ સેન્ટર એક સંસ્થા તરીકે જે રીતે ઊભરી રહ્યું છે તે જોતાં એમ લાગે કે કાદવભર્યા તળાવમાં નિર્લેપ રહેતું કમળનું ફૂલ. બાકી આપણી આજુબાજુ નજર કરીએ તો આપણે ભયંકર Depressionમાં

સરી પડીએ. આપણને ઘણી વાર લાગે કે જેના માટે આપણે ઘણી વાર ઉચ્ચારીએ છીએ કે 'મેરા ભારત મહાન' એ જ દેશ છે ? આઝાદી હાંસલ કર્યા બાદનાં ૬૪ વર્ષ બાદ આપણે ક્યાં છીએ ? નિરંતર રાષ્ટ્રવિરોધી કૌભાંડો સર્જનાર આ રાજકારણીઓથી છુટકારો મેળવવા શું કરવું ? મેં થોડા સમય પહેલાં કહેલું તે પ્રમાણે પગારવધારો મેળવવા 'હમ સાથ સાથ હૈ'નું ગીત કોરસમાં ગાનારા બધા રાજકારણીઓ દરેક બાબતમાં એકબીજાથી વિરુદ્ધ વલણ કેમ કરી હોબાળો મચાવે છે ? હાલમાં જ કાશ્મીરમાં લાલ મેદાનમાં રિપબ્લિકન-ડેની ઉજવણી નિમિત્તે ઝંડો ફરકાવવા બાબત જે નાટકબાજી ચાલી રહી છે, જે હોબાળો મચેલો છે તે જોતાં કેટલું દુઃખ થાય છે. અખંડ ભારતમાં ગમે તે જગ્યાએ ત્રિરંગો ફરકાવી વંદન કરવાની આપણી ફરજ છે અને હક પણ છે. તેમાં કોઈ જ વિચારભેદને સ્થાન ન હોઈ શકે ત્યારે એક પક્ષ તે કરવા તત્પર છે જ્યારે સત્તા પર આરૂઢ બીજો પક્ષ તેમ ન થાય તે માટે મક્કમ છે. આમાં રાષ્ટ્રભાવના ક્યાં છે ? રાજકારણ સિવાય કાંઈ જ નથી, તેમ નાનામાં નાનો બાળક સમજી શકે છે. જે પાર્ટીએ પાંચ વર્ષ સુધી સરકારમાં સત્તા ભોગવી ત્યારે તે ન તો મંદિર બનાવી શકી કે ન ત્રિરંગો ફરકાવી શકી. તો હવે ક્યાંથી આત્મા જાગૃત થયો ? તો સામી બાજુ સત્તા પર બિરાજમાન પાર્ટી કેમ દુરાગ્રહ રાખે કે કોઈ પણ ભોગે આ ન થવું જોઈએ. પ્રજા ક્યાં સુધી આ બધું મૂંગા મૂંગા સહન કરી લેશે ! બસ હવે સમય આવી ગયો છે કે પ્રજાને ઢંઢોળનારો મહામાનવ જન્મવો જ જોઈએ અને તે ગુજરાતમાંથી પેદા થશે એવા સંકેત છે. રાજકારણીઓ સાવધાન. તમારા ફૉરેનમાં જમા થયેલા પૈસા ત્યારે કાંઈ જ કામ નહીં આવે. તમારું Destination નક્કી જ છે ! હિન્દુસ્તાનના એક નાગરિક તરીકે હું ભવિષ્ય ભાખું છું ૨૦૧૦નું વર્ષ કૌભાંડોનું વર્ષ તરીકે યાદ રહેશે. આદર્શ, સ્પેક્ટ્રમ, લવાશા, એકએકથી ચડિયાતાં કૌભાંડો આ વર્ષમાં ખુલ્લાં પડ્યાં છે. વિદેશના રાજકારણીઓ ચોંકી ઊઠ્યા તેવાં અને તેટલાં કૌભાંડો ભારતના ખાતામાં નોંધાયાં છે. ભારતનાં નાણાં રાખવાની જગ્યા હવે ફૉરેનની બેંક પાસે નથી. અહીં આપણે સામાન્યજનો મોંઘવારીથી રિબાઈ રહ્યા છીએ. હે ભગવાન, હવે તો છુટકારો અપાવ.

૧૯૪૭માં વારસામાં મળેલી ન્યાયપદ્ધતિ આજે આપણને ખૂંચી રહી છે. ન્યાય છે કે ન્યાય મેળવવા માટેના નાટક છે ? અફઝલ ગુરુ કે અજમલ કસાબ જેવા ભયંકર ગુનેગાર જેમણે નિર્દોષ ભારતીયના ઘર ઉજ્જડ કર્યાં છે તેઓ સામાન્ય માણસને નહીં મળતી લક્ઝુરિયસ સગવડતા વચ્ચે જીવી રહ્યા છે અને આપણે ઊભા ઊભા તાળીઓ પાડીયે છીએ !

અમેરિકા પાછળ દોડવાની આપણી આંધળી મતિ આપણને વિનાશના પંથે લઈ જ જશે. આપણો યુવાન વર્ગ આજે રાહ જોવામાં માનતો નથી અને EMUના ચક્કરમાં જીવનની શાંતિ ખોઈ રહ્યો છે. મારી છેલ્લી અમેરિકાની ટ્રીપમાં મારે એક ભાઈને ફરજરૂપે મળવા જવું પડ્યું. તેઓ આર્થિક સંકડામણને હિસાબે Depressionમાંથી પસાર થઈ રહ્યા હતા. મિત્ર હતા તેથી સાંત્વના આપવા ગયો અને તેમને Relax કરવા બહાર લઈ ગયો. મારા આશ્ચર્ય વચ્ચે તે સમયે તેમણે Mallમાંથી ૬૯''નું લેટેસ્ટ T.V. જેની કિંમત ૩૨૦૦ ડૉલર હતી તે ખરીદ્યું. હું પોતે જ Depressionમાં સરી પડ્યો. મેં પૂછ્યું આટલી નાણાકીય સમસ્યા હોવા છતાં આટલા ડૉલર કેમ ખર્ચ્યા તો કહે દર મહિને ફક્ત ૯૦ ડૉલર જ આપવાના છે. બાકીના without interest છે તો થયું લઈ લઉં ! હું તો દૂમ દબાવતો ત્યાંથી ભાગ્યો !

આપણા યુવાનોને આવી મનોદશાથી દૂર રાખવાનું કામ આપણા વડીલોએ કરવાનું છે, નહીંતર આ મલ્ટીનેશનલ કંપનીઓ આપણા જ ઘરમાં પ્રવેશી આપણો જ સર્વનાશ કરશે. આંધળા અનુકરણની આપણને જરૂર નથી અને દેશને પણ ન પરવડી શકે તેવી વાત એ છે કે કુટુંબના સભ્ય દીઠ કાર રાખવાનો ખતરનાક વાયરો વાયો છે. ઘરમાં એક ટીવી પૂરતું નથી માટે દરેક રૂમમાં એક Latest ટીવી હોવાનો મત રૂઢ થતો જાય છે. તેવી જ રીતે ફ્રિજ, કૉમ્પ્યુટર જેવી મોંઘી ચીજો હપ્તાથી મળે છે તેથી લઈ લો. આપણી સંસ્કૃતિ પર ભયંકર હુમલો થઈ રહ્યો છે. આપણી જાતને અલિપ્ત રાખવાની છે.

આ બધા નિરાશાજનક સમાચાર વચ્ચે મારે તમને એક ઉત્સાહપ્રેરક વાત કરવાની છે. એક કારણસર હમણાં દિલ્હી જવાનું થયું. તેમાં એક મિત્રની શુભેચ્છાથી હું તો ખુશ થઈ ગયો. એક કાફેટેરિયામાં ગયો. ત્યાં ભાવ વાંચી આશ્ચર્યચકિત થઈ ગયો. તમે પણ જાણો. રજવાડી-બાદશાહી ચા રૂા. ૧, સૂપ રૂા. ૧.૫૦, દાળ (કોઈ પણ) રૂા. ૧.૫૦, સંપૂર્ણ મિલ રૂા. ૨.૦૦, ચોખ્ખા ઘીથી લથપથ ચપાટી રૂા. ૧, રાઈસપ્લેટ રૂા. ૧૨.૦૦, કોઈ પણ વેજિટેબલ રૂા. ૪.૫૦. મને થયું અંતે મોંઘવારી હટી અને નાશી ગઈ અને સોંઘવારી ફરી આવી. આજે દિલ્હીમાં આવી તો કાલે મુંબઈ જરૂરથી આવશે. ચલો વો સુબહ ફીર સે આયી. પછી જાણવા મળ્યું કે આ સંકુલ પાર્લામેન્ટનું હતું અને આ કૅન્ટિન જેનો પગાર જ રૂા. ૮૦૦૦૦થી ચાલુ થાય છે તેવા હિન્દુસ્તાનભરના ૫૫૦ પ્રજાસેવકોના લાભાર્થે હતી !! ચાલો પ્રજાસેવકોના પેટ સંતૃપ્ત થશે તો તેઓ આપણા માટે કાંઈક સારું સારું વિચારશે અને કૌભાંડો બંધ કરશે. All the Best.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન : જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

તંત્રીસ્થાનેથી...

# જીવનની ક્ષણભંગુરતા તરફ અંગુલીનિર્દેશ કરતું 'મકરસંક્રાંતિ' પર્વ

આ અંક આપના હાથમાં આવશે ત્યારે મકરસંક્રાંતિનું પર્વ ખૂબ જ આનંદોલ્લાસથી ઊજવાઈ ગયું હશે. હિન્દુ શાસ્ત્રમાં સૂર્યને આત્માનો કારક ગ્રહ ગણવામાં આવ્યો છે. આ સૂર્ય જે રાશિમાં પ્રવેશ કરે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. તા. ૧૪મી જાન્યુઆરીએ સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે તેથી આ દિવસને મકરસંક્રાંતિ પર્વ તરીકે ઊજવવામાં આવે છે. આ પવિત્ર દિવસે દાન આપવાનો મહિમા છે. વળી આ દિવસને 'પતંગ દિન' તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં મકરસંક્રાંતિને 'પતંગ મહોત્સવ દિન' તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે લોકો પોતાના ઘરની અગાશી પર અને મેદાનોમાં પતંગ ઉડાવવાની મજા માણે છે.

આ 'પતંગ' શબ્દ સમજવા જેવો છે. ગુજરાતી શબ્દકોશમાં 'પતંગ'નો પતંગિયું અથવા કનકવો એવો અર્થ આપવામાં આવ્યો છે. આપણું જીવન પણ એક પતંગ જેવું જ છે. જેમ પતંગિયું દીવાની આસપાસ ઝળૂંબીને શહીદી વહોરી લે છે તેવું જ જીવન આ માનવપ્રાણીનું છે. પતંગનો બીજો અર્થ 'કનકવો' છે. 'કનકવો' એટલે પતંગ. આ પતંગ આકાશે ઊંચે ઊંચે ચડે છે અને કોઈ પતંગથી કપાઈને ગબડતો-આથડતો દૂર દૂર ફેંકાય છે. પતંગનો એક અર્થ આત્મા પણ કરી શકાય અને પતંગ ઉડાવવાની જે દોરી છે તેને આયુષ્યરેખા તરીકે પણ ઓળખી શકાય. આયુષ્યની દોરી જ્યારે કપાય ત્યારે આત્મપંખી ઊડી જાય છે અને પાછળ તો દેહરૂપી પીંજર જ પડ્યું રહે છે.

શેખાદમ આબુવાલાએ તેની ગઝલમાં માર્મિક રીતે લખ્યું છે :

*'ધરા સૂની, ગગન સૂનું, સમય સૂનો રહી જશે,*
*ભલે હો અંતમાં મૃત્યુ, જીવનનું મૂલ્ય સમજું છું!'*

પતંગ એ જીવનની ક્ષણિકતાનું પ્રતીક છે. તેથી જ જીવનની ક્ષણભંગુરતાનો અર્થ સમજાતા હવે એ જ વિચારવું જોઈએ કે :

*'જે ઊગ્યું તે આથમે, ખીલ્યું તે કરમાય,*
*એહ નિયમ અવિનાશનો, જે જાયું તે જાય!'*

જીવનની ક્ષણભંગુરતા સમજાવતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કેઃ

*'પાન ખરંતા ઈમ કહે, સૂન તરુવર વનરાય,*
*અબકે બિછૂરે કબ મિલે દૂર પડેંગે જાય;*
*તબ તરુવર ઉત્તર દીયે, સૂનો પત્ર ઈક બાત,*
*ઈસ ઘર ઐસી રીત હૈ, એક આવત એક જાત,*
*વરસ દિનોકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય,*
*મુરખ નર સમજે નહિ, વરસ ગાંઠકો જાય!'*

'પતંગ'નો જીવનબોધ એ છે કે માનવજીવન ક્ષણભંગુર છે. આયુષ્યનો કોઈ ભરોસો નથી. આ દેહમાંથી આત્મપંખી ક્યારે ઊડી જશે તેની કોઈને ખબર નથી. તેથી જ એક કવિએ માર્મિક ટકોર કરતાં કહ્યું છે કે :

*'દો દિન કા જગ મેં ખેલ રે,*
*સબ ચલા ચલી કા ખેલ,*
*કોઈ ચલા ગયા, કોઈ જાવે;*
*કોઈ ગઠડી બાંધ સિધાવે*
*કોઈ ખડા તૈયાર અકેલા રે,*
*સબ ચલા ચલી કા ખેલ...'*

આ જગતમાં પ્રાણીઓનું મિલન બે દિવસનું જ છે. બાકી બધો ચલાચલીનો ખેલ છે. આવે ને જાય છે, કેટલાય ચાલી ગયા, કેટલાય જાય છે, કેટલાય પુણ્ય-પાપની ગાંઠડી બાંધીને જાય છે તો કેટલાય એકલા ઊભા રહે છે.

'પતંગ'ની ક્ષણભંગુરતા પર વિશેષ વિચાર કરતાં એવો પ્રકાશ પડે છે કે જીવન કેટલું પવિત્ર, કેટલું મૂલ્યવાન છે. રાતના આપણે સૂઈએ છીએ અને સવારે જાગીએ છીએ. આપણી પાસે આખા દિવસનો પટ ફેલાયેલો પડ્યો હોય છે. રોજરોજ કેવો ચમત્કાર થાય છે અને છતાંય જીવંત માણસ માટે આ ઘટના રોજિંદી ઘરેડ નથી બનતી.

આંખ જોઈ શકે છે, કાન સાંભળી શકે છે, શ્વાસ ભરીને હવા લઈ શકાય છે, કંઠને તરસ લાગે છે, પેટને ભૂખ લાગે છે. જો સહૃદયતાથી જીવતા હોઈએ તો બધે જ આનંદ આનંદ મળી શકે. આનંદ માટે મોટી ઘટનાઓ બનવી અનિવાર્ય નથી. તમારા આંગણામાં આવેલું સૂર્યનું એક

કિરણ, એની સાથે પણ તમે તમારો સંબંધ જોડી શકો. ક્યાંકથી આવીને બેઠેલું બારી પરનું પંખી પણ તમારી સાથે વાત કરી શકે. સવારના પહોરમાં કોઈક આવે અને તમને ગુલાબનું ફૂલ આપે, તો એ ગુલાબના ફૂલમાં પણ કોઈકનો ચહેરો જોઈ શકાય. અનેક યાતનાઓ વચ્ચે પણ માણસ જીવે છે, કારણકે જીવવાની એની ઈચ્છા પ્રબળ હોય છે.

હૃદયપૂર્વક, મનપૂર્વક જીવવું એમાં જ જીવનનો અર્થ સમાયો છે. મોટા ભાગના માણસો જન્મે છે ત્યારે રડે છે, જીવે છે ત્યારે ફરિયાદ કરે છે અને હતાશાને લઈને મૃત્યુ પામે છે. જિંદગી તો કાદવ અને કમળ બંનેની બનેલી છે. જન્મ્યા પછી આપણો પુરુષાર્થ કાદવને દૂર કરી કમળ જેવા કોમળ અને સુવાસિત બની જીવન ઉજાળવાનો છે. આવો નિશ્ચય જો થઈ જાય તો પછી મનુષ્યને મૃત્યુનો કોઈ ડર રહેતો નથી, મૃત્યુની કોઈ પરવા રહેતી નથી!

'પતંગ'નો જીવનમર્મ એ જ છે કે માણસના આયુષ્યનો કોઈ ભરોસો નથી. તેથી જીવનનો અમૂલ્ય સમય ક્ષુલ્લક બાબતોમાં  કે ઈર્ષ્યા, દ્વેષ વગેરે અવગુણોમાં શું કામ વેડફી નાખવો જોઈએ? માર્ગમાં ચાલતા ગટર પણ આવે અને બગીચો પણ આવે. ત્યારે આપણે ગટરને ચાતરીને બગીચા તરફ જઈએ છીએ. રસ્તે ખાડો આવે તો આપણે ખાડામાં પડતા નથી, પણ રસ્તો બદલીને ચાલીએ છીએ. જીવનમાં પણ એવું શું કામ ન કરવું? ફૂલ ફૂલ વીણવા અને ફૂલ ફૂલ વેરવા અને કાદવ-કીચડથી દૂર રહેવું. શું વીણવું અને શાનાથી દૂર રહેવું એ આપણા જ હાથની વાત છે. જો આપણે આટલી સમજદારી કેળવીએ તો આપણું જીવન અવશ્ય સાર્થક બનાવી શકીએ.

'પતંગ' જેવી ક્ષણભંગુર જીવનલીલાને ઓળખ્યા પછી આપણો જીવનઉદ્દેશ મૃત્યુમાંથી અમરત્વ તરફ જવાનો, અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો જ હોવો જોઈએ. આ કાયા નાશ પામવાની છે, ખલાસ થઈ જવાની છે, પણ આત્મા તો અમર જ રહેવાનો છે તેવી પ્રતીતિ જીવનમાં સતત થતી રહેવી જોઈએ. આત્માની આવી સમજણ સાંપડે તો ફરીથી દેહ ધારણ કરવો પડે નહિ, જન્મ પણ ફરી લેવો પડે નહિ અને આમ જન્મ-મરણ પર વિજય મેળવવાનું જીવન જીવી જવાશે એવો અહેસાસ ચોક્કસ થઈ શકે... અને છેલ્લે...

*''શુદ્ધ, બુદ્ધ ચૈતન્ય ઘન, પરમ જ્યોતિ સુખધામ;*
*બાકી કહીએ કેટલું, કર વિચાર તો પામ!'*

## આગામી પ્રવાસ આયોજન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ જુહુ | દુબઈ (શોપિંગ ફેસ્ટિવલ) | તા. ૧૧-૦૨-૨૦૧૧ થી ૧૭-૦૨-૨૦૧૧ | રૂા. ૩૩,૨૦૦/- |

## યાત્રા-પ્રવાસ આયોજન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ શિવાજી પાર્ક | કચ્છદર્શન | તા. ૧૫-૦૧-૨૦૧૧ થી ૨૨-૦૧-૨૦૧૧ | રૂા. ૪,૫૦૦/- + ટ્રેન ચાર્જિસ |
| | દુબઈ | તા. ૧૨-૨-૨૦૧૧ | રૂા. ૧૬,૦૦૦/- + ૪૦૦ ડૉલર (U.S.) |
| ★ નોર્થ ઈસ્ટ<br>રાજાવાડી<br>જેમ્ જગડુશા<br>ભાંડુપ-વિક્રોલી<br>ગોલ્ડન ગારોડિયા<br>પિંક પંતનગર | સમેતશિખરજીની મહાયાત્રા | તા. ૨૮-૧૦-૨૦૧૧ થી ૦૭-૧૧-૨૦૧૧ | — |
| ★ નોર્થ ઈસ્ટ | ચાયના-હૉંગકૉંગ મકાઉ વગેરે | તા. ૦૨-૦૫-૨૦૧૧ થી ૧૬-૦૫-૨૦૧૧ | રૂા. ૧,૧૪,૯૯૯/- |

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| ● અમૃતનગર : | ૨૪-૧૨-૧૦ | પોપ શો : 'ફાલ્ગુની પાઠક સાથે' | ✉ |
| | ૨૬-૧૨-૧૦ | પ્રહસન : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ▲ |
| ● બીચ સાઈડ : | ૦૬-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● બોરીવલી : | ૧૬-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● ભાંડુપ-વિક્રોલી : | ૧૨-૧૨-૧૦ | નાટક : 'તમને મળીને આનંદ થયો' | ✉ |
| | ૨૪-૧૨-૧૦ | સંગીત : 'એન્ટરટેઈન્મેન્ટ કે લિયે કુછ ભી કરેંગે' | ✉ |
| ● ચેમ્બુર : | ૧૩-૧૨-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ★ |
| | ૨૦-૧૨-૧૦ | નાટક : 'આંખોની પેલે પાર' | ✉ |
| ● દાદર : | ૧૩-૧૨-૧૦ | પ્રહસન : 'ગોપાલે કરી ગોલમાલ' | ✉ |
| | ૨૦-૧૨-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| ● ગોલ્ડન ગારોડિયા : | ૧૮-૧૨-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| | ૨૪-૧૨-૧૦ | ઑરકેસ્ટ્રા : 'એન્ટરટેઈનમેન્ટ કે લીયે કુછ ભી કરેંગે' | ✉ |
| ● જેમ્ જગડુશા : | ૦૩-૧૨-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ★ |
| | ૨૬-૧૨-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| ● જુહુ : | ૦૮-૧૨-૧૦ | મૂવી : 'ખેલેંગે હમ જી જાનસે' | ▲ |
| | ૧૫-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| | ૨૨-૧૨-૧૦ | નાટક : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' | ✉ |
| | ૨૪-૧૨-૧૦ | પોપ શો : 'ફાલ્ગુની પાઠક સાથે' | ▲ |
| | ૨૯-૧૨-૧૦ | નાટક : 'આંખોની પેલે પાર' | ★ |
| | ૩૦-૧૨-૧૦ | મૂવી : 'તીસ માર ખાન' | ✉ |
| ● જૂહુ બીચ : | ૦૮-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● જૂનાગઢ : | ૦૯-૧૨-૧૦ | નાટક : 'સંબંધો સાત જનમના' | ✉ |
| ● કાંદિવલી : | ૧૫-૧૨-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ★ |
| ● લે. વિં. મુંબઈ (સેન્ટ્રલ) : | ૦૭-૧૨-૧૦ | પ્રહસન : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' | ✉ |
| ● લે. વિં. અંકલેશ્વર : | ૧૦-૧૨-૧૦ | નાટક : 'પૈસા બોલે છે' | ✉ |
| | ૧૮-૧૨-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ✉ |
| ● લે. વિં. મુંબઈ (ઈસ્ટ) : | ૨૧-૧૨-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| ● મુંબઈ : | ૧૩-૧૨-૧૦ | પ્રહસન : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ✉ |
| | ૨૭-૧૨-૧૦ | સંગીત-ગૅમ : 'વીડી'નો સંગીત કાર્યક્રમ | ★ |

| | | | |
|---|---|---|---|
| ● મુલુંડ | : ૨૨-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| | ૨૯-૧૨-૧૦ | મ્યુઝિકલ શો : 'સૂફી ઍન્ડ કવાલી' | ★ |
| ● મલાડ | : ૨૭-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● નવી મુંબઈ | : ૨૦-૧૨-૧૦ | નાટક : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' | ✉ |
| ● નોર્થ ઈસ્ટ | : ૦૯-૧૨-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ✉ |
| | ૧૬-૧૨-૧૦ | મૂવી : 'નો પ્રૉબ્લેમ' | ✉ |
| | ૧૭-૧૨-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| ● પનવેલ | : ૧૩-૧૨-૧૦ | નાટક : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' | ✉ |
| ● પુણે | : ૨૭-૧૧-૧૦ | 'ટેલેન્ટ શો' | ★ |
| ● રાજાવાડી | : ૦૨-૧૨-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ✉ |
| ● સાયન-માટુંગા | : ૦૭-૧૨-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ✉ |
| | ૨૪-૧૨-૧૦ | દાંડિયા : 'પોપ સંગીત-ફાલ્ગુની પાઠક' | ✉ |
| | ૨૬-૧૨-૧૦ | 'ટ્રેઝર હન્ટ-માટુંગાથી નરિમાન પૉઈન્ટ' સાંજે ગીત-સંગીત | ★ |
| ● સી સાઈડ | : ૦૭-૧૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● શિવાજી પાર્ક | : ૦૪-૧૨-૧૦ | પ્રહસન : 'સરદાર' | ✉ |
| | ૧૭-૧૨-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ✉ |
| ● તારદેવ | : ૦૩-૧૦-૧૦ | મૂવી : 'અન્જાના-અન્જાની' | ✉ |
| | ૦૭-૧૦-૧૦ | મૂવી : 'રોબો' | ✉ |
| | ૦૯-૧૦-૧૦ | પ્રહસન : 'લો ગુજુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| | ૧૦-૧૦-૧૦ | — : 'આઈસક્રીમ મેલા-ગિફ્ટ' | ▲ |
| | ૧૭-૧૦-૧૦ | મિલનોત્સવ : 'દશેરા મિલન' | ▲ |
| | ૧૩-૧૧-૧૦ | હાસ્યનું હુલ્લડ' | ★ |
| | ૨૧-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ✉ |
| | ૨૭-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ✉ |
| | ૧૧-૧૨-૧૦ | નાટક તથા વાર્ષિક સભા : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ✉ |
| ● વિલે પાર્લે | : ૦૮-૧૧-૧૦ | નાટક : 'છપ્પનની છાતી ગુજરાતી' | ✉ |
| | ૨૨-૧૨-૧૦ | નાટક : 'સરદાર' | ✉ |
| | ૨૫-૧૨-૧૦ | ઑરકેસ્ટ્રા : 'મોહમ્મદ રફી નાઈટ' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲



# ઈન્ટર સેન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટ



યુવામેળા-સમૂહલગ્ન-મેડિકલ કૅમ્પ વગેરે ઉપરાંત જેજેસીના મહત્ત્વાકાંક્ષી સમાજઉત્કર્ષ હાયર એજ્યુકેશન પ્રોજેક્ટને મળેલી જબરદસ્ત સફળતા અને પ્રતિસાદ બાદ હવે પરિવારના સભ્યોમાં ખેલદિલી જેવા અનેક ગુણોને પ્રજ્વલિત કરતા પ્રોજેક્ટ 'ઈન્ટર સેન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટ'નો કાર્યક્રમ તા. ૧૫-૧૬ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન બહુ જ વિશિષ્ટ રીતે ઝાકઝમાળ સાથે અને જુસ્સાથી સંપન્ન થયો.

આ વર્ષે મુંબઈની ૧૯ ટીમ સાથે બહારગામની પાંચ ટીમ પણ ટુર્નામેન્ટમાં જોડાઈ. બહારગામની ટીમને મુંબઈમાં રહેવાની-જમવાની તથા મેદાન પર આવવા-જવા ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ દ્વારા કરવામાં આવી. આ ટુર્નામેન્ટની વિશિષ્ટતા એ હતી કે બબ્બે મેદાન, બે કૉમેન્ટેટર્સ, રેફરી, ચાર અમ્પાયર, ચાર કૅમેરા વડે Jiant Screen પર Telecast, પેવેલિયન વગેરેથી સજ્જ ટુર્નામેન્ટમાં કુલ ૨૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લઈ મેચ જીતવાના સ્પિરિટ સાથે રમત રમી.

દરેક મૅચનો ટૉસ સોનાના COIN વડે કરવામાં આવ્યો અને જે ટીમ ટૉસ જીતે તેને તે COIN સાદર કરવામાં આવ્યો. દરેક ટીમના ૧૫-૧૫ ખેલાડીઓને જેજેસી લોગો તથા સેન્ટરના નામ સાથેના અલગ અલગ કલરના યુનિફૉર્મ આપવામાં આવ્યા.

આવા મૅનેજમેન્ટના કેટલાય પ્લસ પૉઈન્ટ સાથે આવતા વર્ષ ૨૦૧૨ની ટુર્નામેન્ટની પણ જાહેરાત કરવામાં આવી. આશા છે કે હજી વધારે ને વધારે સેન્ટર તેમની ટીમ તૈયાર કરવામાં અત્યારથી લાગી જશે. આવી ટુર્નામેન્ટમાં ભાગ લેવો તે સેન્ટર માટે એક લહાવો છે.

અત્રે ઉલ્લેખ કરવો જ જોઈએ કે ગ્રાઉન્ડ પર મૅનેજમેન્ટની સઘળી જવાબદારી, દરેક વર્ષની જેમ જ જેજેસી-દહિસરના પ્રમુખ શ્રી ચંદ્રકાંત એફ. શાહ તથા તેમની સંપૂર્ણ કારોબારી કમિટીએ સફળતાપૂર્વક ઉઠાવી પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધા. HATS OFF જેજેસી-દહિસર.

## Jain Jagruti Centre Central Board : Cricket Tournament-2011

| Match No. | Team | Result |
|---|---|---|
| **ROUND : 1** | | |
| 1) | **Navi Mumbai V/S Golden Garodia** | Navi Mumbai Won by 26 Runs, Score : 83<br>Golden Garodia Score : 57 |
| 2) | **Amrutnagar V/S Vashi** | Vashi Won by 15 Runs, Score : 86<br>Amrutnagar Score : 71 |
| 3) | **Satna V/S Mulund** | Satna Won by 21 Runs, Score : 79<br>Mulund Score : 58 |
| 4) | **Chembur V/S Juhu Beach** | Chembur Won by 21 Runs, Score : 84<br>Juhu Beach Score : 63 |
| 5) | **Mumbai V/S Sion Matunga** | Mumbai Won by 15 Runs, Score : 82<br>Sion Matunga Score : 67 |
| 6) | **Surendranagar V/S Rajawadi** | Rajawadi Won by 6 Wickets, Target : 54<br>Surendranagar Score : 53 |
| 7) | **Bhavnagar V/S Gem Jagdusha** | Gem Jagdusha Won by 65 Runs, Score : 102<br>Bhavnagar Score : 37 |

| | | |
|---|---|---|
| 8) | **Bhandup Vikroli V/S Ankleshwar** | Bhandup Vikroli Won by 5 Runs, Score : 67<br>Ankaleshwar Score : 62 |
| **ROUND : 2** | | |
| 9) | **Navi Mumbai V/S Borivali** | Borivali Won by 41 Runs, Score : 94<br>Navi Mumbai Score : 53 |
| 10) | **Vashi V/S Kandivali** | Kandivali Won by 42 Runs, Score : 101<br>Vashi Score : 59 |
| 11) | **Satna V/S Vapi** | Vapi Won by 7 Wickets, Target : 46<br>Satna Score : 45 |
| 12) | **Chembur V/S Malad** | Chembur Won by 22 Runs, Score : 86<br>Malad Score : 64 |
| 13) | **Mumbai V/S Dahisar** | Mumbai Won by 8 Wickets, Score : 63<br>Dahisar Score : 62 |
| 14) | **Rajawadi V/S Sea Side** | Rajawadi Won by 9 Wickets, Target : 63<br>Sea Side Score : 62 |
| 15) | **Gem Jagdusha V/S North East** | North East Won by 6 Runs, Score : 50<br>Gem Jagdusha Score : 44 |
| 16) | **Bhandup Vikroli V/S Beach Side** | Beach Side Won by 37 Runs, Target : 81<br>Bhandup Vikroli Score : 44 |
| **QUARTER-FINALS** | | |
| 17) | **Borivali V/S VAPI** | Borivali Won by 37 Runs, Score : 98<br>Vapi Score : 61 |
| 18) | **Kandivali V/S Chembur** | Kandivali Won by 25 Runs, Score : 77<br>Chembur Score : 52 |
| 19) | **Mumbai V/S North East** | North East Won by 72 Runs, Score : 91<br>Mumbai Score : 19 |
| 20) | **Rajawadi V/S Beach Side** | Rajawadi Won by 7 Wickets, Target : 61<br>Beach Side Score : 60 |
| **SEMI-FINALS** | | |
| 21) | **Borivali V/S North East** | Borivali Won by 30 Runs, Score : 98<br>North East Score : 68 |
| 22) | **Kandivali V/S Rajawadi** | Kandivali Won by 10 Runs, Score : 83<br>Rajawadi Score : 73 |
| **FINAL** | | |
| 23) | **Borivali V/S Kandivali** | Kandivali Won by 8 Wickets, Target : 74<br>Borivali Score : 73 |

## Happy New Year

વર્ષ ૨૦૧૦ ઘણી બધી ખાટી-મીઠી-કડવી યાદો મૂકીને પસાર થઈ ગયું. તો ઘણી ક્ષણો વાગોળવી ગમે તેવી યાદગીરી મૂકીને ગયું. આર્થિક દૃષ્ટિકોણથી પ્રગતિનો ગ્રાફ સંતોષકારક રહ્યો તો આખું વર્ષ આતંકવાદના ઓછાયા વચ્ચે ફફડતા જ રહ્યા. આવા ૨૧મી સદીના પ્રથમ દશકાને વિદાય આપવા અને આશાપૂર્ણ નવા વર્ષ-૨૦૧૧ને ભવ્ય રીતે આવકારવા જેજેસીનાં લગભગ બધાં જ સેન્ટરોએ જાજરમાન કાર્યક્રમોનું આયોજન કર્યું.

**જેજેસી-અમૃતનગર** : નવા વર્ષનું સ્વાગત કરવા સૌ સભ્યો સૂરજ વૉટર પાર્ક ગયા.

**જેજેસી-બોરીવલી** : માલપાની ગ્રાઉન્ડ ખાતે "Fire Ice Theme" પરના ભવ્ય કાર્યક્રમમાં સૌ એકત્રિત થઈ સંગીતના તાલે આનંદ અને મોજમસ્તી કરતાં કરતાં નવા વર્ષને વધાવી આવ્યા.

**જેજેસી-જુહુ બીચ, બીચ સાઈડ, સી સાઈડ** : આ ત્રણેય સેન્ટરોએ એક સંયુક્ત કાર્યક્રમનું આયોજન કર્યું. મહામૂલા આ કાર્યક્રમમાં પામર માનવીની કલ્પનામાં હંમેશ રહેલા સ્વર્ગનું સર્જન મુંબઈમાં આવેલ SRPF Table Top પર કરી દરેક સભ્યોને સ્વર્ગ કેવું હોય તેની અનુભૂતિ કરાવી. આમેય આ જગ્યા સ્વર્ગ જેવી જ રમણીય છે. સ્વર્ગની કલ્પના સાથે બંધબેસતું ભવ્ય ડેકોરેશન, દેવદેવીઓને પણ ચાખવાનું મન થાય તેવું મનભાવન ભોજન અને સ્વર્ગમાં જ સાંભળી શકાય તેવા Fusion Musicને સાંભળી પૂરા વર્ષ દરમિયાન વાગોળવો ગમે તેવો કાર્યક્રમ માણ્યો.

**જેજેસી-ચેમ્બુર** : રાષ્ટ્રીય શાળાના પટાંગણમાં વેરાઈટી ભોજન, ડી. જે. ડાન્સ, કેક કટિંગ કરી કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો.

**જેજેસી-નોર્થ ઈસ્ટ, જેમ્ જગડુશા, રાજાવાડી, ગોલ્ડન ગારોડિયા, નવી મુંબઈ, ભાંડુપ વિક્રોલી** : આ સેન્ટરોના સંયુક્ત ઉપક્રમે એક મેગા આયોજનમાં સભ્યો હસતાં-રમતાં-કિલ્લોલતાં મુંબઈ નાસિક રોડ પર આવેલ શાંગ્રીલા રિસોર્ટ ખાતે ગયા.

બમ્પર ઈનામોવાળી હાઉઝી, ગ્રાન્ડ ડી. જે. પાર્ટી, કેક કટિંગ, રસપ્રચુર ભોજન તથા બસ દ્વારા Area Pick up & Delivery, પછી જોઈએ શું? ભારે હૈયે ૨૦૧૦ને વિદાય આપી ૨૦૧૧ના આગમનની છડી પોકારી મોંઘવારીને ૨૦૧૦માં જ છોડીને આવવાની વિનંતી કરી સર્વે સભ્યો આખા વર્ષની તાજગીનું ભાથું ભરીને રાત્રીના બે વાગ્યે પરત આવ્યા.

**જેજેસી-જૂનાગઢ** : નવા વર્ષની છડી પોકારતો કાર્યક્રમ ભવનાથ રોડ પર આવેલ બાલનાથ મહાદેવના મંદિરના પ્રાંગણમાં ઊજવ્યો. વર્ષ ૨૦૧૦નો મૅસેજ બધા સભ્યોને સંભળાવ્યો કે હું હંમેશાં પ્રેમ, સ્વાસ્થ્ય, શાંતિ, ખુશીને મળ્યો. તેઓ ક્યાંય ઠરીને ઠામ થતાં ન હતાં. તેઓને કાયમ માટે રહેવા માટે એક જગ્યાની તલાશ હતી. મેં તેઓને 'તમારું' સરનામું આપ્યું છે. તેઓ તમારા દ્વાર ક્યારેક અચાનક ખખડાવશે. કમ સે કમ તે વખતે જાગૃત રહેજો અને આ આગંતુકોને ઓળખી તેઓને તરત જ ઘરમાં લઈ લેશો. નવા વર્ષની શુભેચ્છા.

ઘણુંબધું કહી જાય છે આ સંદેશ. અસ્તુ.

**જેજેસી-કાંદિવલી** : શુક્રવાર, તા. ૩૧-૧૨-૨૦૧૦ની મિડનાઈટ ભૂરાભાઈ આરોગ્ય ભુવન ગ્રાઉન્ડમાં ઊજવી. ગ્રાન્ડ મ્યુઝિકલ શોમાં લક્કી ડ્રો, કપલ ગૅમ, મ્યુઝિકલ શો તથા ફન-એક્સાઈટમેન્ટથી ભરપૂર કાર્યક્રમ માણ્યો.

**જેજેસી-તારદેવ** : શુક્રવાર, ૩૧-૧૨-૨૦૧૦નો ભવ્ય કાર્યક્રમ સૂરજ વૉટર પાર્ક ખાતે યોજ્યો.

**જેજેસી-કલાનગરી-વડોદરા** : ન્યૂ યરનો કાર્યક્રમ રિયા રેવતી રિસોર્ટ ખાતે ઊજવ્યો – મ્યુઝિક મસ્તી સાથે. ઉપરાંત ૧૯-૧૨-૨૦૧૦ના રોજ આઉટિંગ કાર્યક્રમમાં પોંક પાર્ટીનું આયોજન કરી શિયાળુ મસ્તી પણ માણી.

## સમૂહલગ્ન

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત ૧૬મો સમૂહલગ્નોત્સવ તથા જેજેસી-સુરેન્દ્રનગર આયોજિત ૧૭મો સમૂહલગ્નોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થઈ ગયો. સમાજમાંથી આવતા વાવડ પ્રમાણે અન્ય સંસ્થાઓને તેમના પ્રાયોજિત સમૂહલગ્નના કાર્યક્રમને જોઈએ તે પ્રમાણે પ્રતિસાદ મળતો નથી તેથી કેટલીક સંસ્થાએ તેમનાં સમૂહલગ્ન Postpone રાખેલ છે.

જેજેસી જૂન મહિનામાં સમૂહલગ્નમાં જોડાવા માટે લગ્નઉત્સુક યુવક-યુવતી તથા તેમના વડીલોને કૉલ આપે છે અને જુલાઈ સુધીમાં ૨૧ નામ આવી જાય છે તો અન્ય સેન્ટરમાં પણ (સુરેન્દ્રનગર-જૂનાગઢ) નામ નોંધાઈ જાય છે, કારણ સુવિદિત છે. જેજેસીનું આયોજન સુપેરે પ્રભાવશાળી હોય છે. સમાજની આ સાંપ્રત સમસ્યાને હળવી બનાવવા મુંબઈના દરેક સેન્ટર તન-મન-ધનથી આ કાર્ય પાર પાડે છે.

આ વર્ષના સમૂહલગ્ન દરેક વર્ષની જેમ ડિસેમ્બર-૨૦૧૧ના રોજ નક્કી કરવામાં આવ્યા છે. (Tentatively) વધુ વિગત હવે પછીથી આપવામાં આવશે. તે માટે વાંચતા રહો 'જાગૃતિ સંદેશ'.

## અન્ય કાર્યક્રમ

### જેજેસી-લે. વિં. અંકલેશ્વર

સામાજિક રીતે ખૂબ જ Active સેન્ટર દ્વારા નીચે મુજબના કાર્યક્રમો થયા.

૧) ગુરુવાર, તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ ગરીબ વસ્તીમાં રહેતી ૨૫૦ જેટલી મહિલાઓને Sanatary Wearનું વિતરણ કરવામાં આવ્યું.

૨) બુધવાર, તા. ૧૫-૧૦-૨૦૧૦ના રોજ Hot Soup Competetion તથા વિવિધ ગૅમનું આયોજન કરવામાં આવ્યું.

૩) ગુરુવાર, તા. ૨૫-૧૧-૨૦૧૦થી રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૦ સુધી ૧૭ દિવસ એક્યુપ્રેસર તથા મૅગ્નેટ પદ્ધતિથી સારવારના કૅમ્પનું આયોજન થયું જે અન્વયે જેજેસી-અંકલેશ્વર સંચાલિત કંચનબા ડિસ્પેન્સરીમાં લગભગ ૧૦૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો. આ દિવસો દરમિયાન નિદાન વિનામૂલ્યે કરવામાં આવેલ. ઉપરાંત દરેક વ્યક્તિને રોજ ૩૦ મિનિટની ફ્રી ટ્રીટમેન્ટ પણ આપવામાં આવી.

### જેજેસી-લે. વિં. માંડવી (કચ્છ)

વર્ષ ૨૦૧૦ દરમિયાન કરેલા ૨૦થી વધારે કાર્યક્રમોનું લિસ્ટ મળ્યું છે. રવિવાર, તા. ૧૭-૧૦-૨૦૧૦ના રોજ માંડવી વૃદ્ધાશ્રમની બહેનોને પંચતીર્થ યાત્રા કરાવી ભાવવિભોર કર્યાં.

### જેજેસી-મુલુંડ

રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૦ના રોજ 'Water Kingdom' Theme Water Parkની One Day Picnicનું આયોજન કર્યું. સાથેસાથે ત્યાંથી અર્ધા કિલોમીટર દૂર આવેલ દુનિયાની આઠમી અજાયબી ગણાતા Global Vipashana the Pagodaની મુલાકાત પણ લીધી.

### જેજેસી-ડીસા

૧૪ વર્ષ પૂરાં કરી ૧૫મા વર્ષના પ્રવેશ ટાણે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. જેજેસી-ડીસા દ્વારા નિર્માણ કરાયેલા શહેરના ગૌરવપથ પર જેજેસી પ્રતીક સ્તંભ પર ફૂલહાર કરી સર્વ સભ્યોએ અલ્પાહાર કરીને ઉજવણી કરી. તે સમયે સેન્ટર દ્વારા નિર્માણાધીન ભવ્ય પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત ગુરુવાર, તા. ૨૦-૧-૨૦૧૧ના રોજ કરવાનું નક્કી કરવામાં આવેલ.

### જેજેસી-મોરબી

એક ત્રિવેણી કાર્યક્રમનું આયોજન કર્યું. ગુરુવાર, તા. ૮-૧૧-૨૦૧૦ના રોજ પારિવારિક સ્નેહમિલનના કાર્યક્રમ અન્વયે સેન્ટરના તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન જેમાં પ્રોત્સાહક ઈનામોથી નવાજવામાં આવ્યા, ઉપરાંત નવા વર્ષની શુભેચ્છા આદાનપ્રદાન કરી સૌએ સહભોજન માણ્યું. સેન્ટરના આમંત્રણને માન આપી પધારેલા જાદુગર શ્રી ક્રિશ્નાના ખેલોથી બધા ચકિત થઈ ગયા. શ્રી દિનેશ પી. દોશીએ લખી મોકલાવ્યું અને અમે છાપ્યું. ધન્યવાદ...

### જેજેસી-ભાવનગર

રવિવાર, તા. ૯-૧૧-૨૦૧૦ના રોજ 'સ્નેહમિલન'ના કાર્યક્રમમાં તપસ્વીનું બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન રાખેલ.

### જેજેસી-મલાડ

આ માતબર સેન્ટરનું પણ One Day Picnicનું આયોજન ગુરુવાર, તા. ૧૬-૧૨-૨૦૧૦ના રોજ Essel World ખાતે થયું.

શુક્રવાર, તા. ૩૧-૧૨-૨૦૧૦/શનિવાર, તા. ૧-૧-૧૧ના Well Come-2011ના કાર્યક્રમનું આયોજન M. K. High Schoolના પ્રાંગણમાં થયું અને ધૂમ-મસ્તી-મોજ સાથે કરી.

### જેજેસી-દહિસર

તા. ૨૬-૧૨-૨૦૧૦ ને રવિવારે નજીકમાં આવેલ રોયલ ગાર્ડન રિસોર્ટ ખાતે એકદિવસીય પિકનિકનું આયોજન કર્યું.

### જેજેસી-એલીસ બ્રિજ

તા. ૧૬-૧-૨૦૧૧ ને રવિવારે શ્રી જૈન શ્રાવિકા સેવા સંસ્થાન સાથેના સહયોગમાં ''જૈન યુવા પરિચય પસંદગી મેળા-૨૦૧૧''નું આયોજન કરવામાં આવ્યું. વિગતવાર રિપોર્ટ આગામી અંકમાં (શ્રી કૌશિકભાઈ, ચેતનભાઈ, વિજયભાઈ, યુવામેળાના આયોજનની આગોતરી માહિતી મળેલ નહીં, જેથી 'જાગૃતિ સંદેશ'માં છપાયેલ નથી. આવા કાર્યક્રમની માહિતી ત્રણ મહિના અગાઉ સેન્ટ્રલ બોર્ડને મોકલી આપવી જોઈએ જેથી વધારે કુટુંબો તેનો લાભ લઈ શકે.)

સર્વેને વિદિત કરવાનું કે હવેથી આવા કાર્યક્રમના પ્રવેશ ફૉર્મ પણ 'જાગૃતિ સંદેશ'માં છાપવામાં આવશે તો તેવા ફૉર્મ ત્રણ-ચાર મહિના પહેલાં સેન્ટ્રલ બોર્ડને મોકલી આપવા.

# વૃક્ષોની રક્ષા માટે શહાદતની અદ્‌ભુત ઘટના

■ ગુણવંત બરવાળિયા

સૃષ્ટિની સમગ્ર પ્રકૃતિ તાલબદ્ધ ચાલી રહી છે. સૃષ્ટિના તમામ પદાર્થો માનવી માટે જ સર્જાયા છે એવા ખોટા ખયાલને કારણે ઉપભોક્તાવાદનો જન્મ થયો. ઉપભોક્તા સંસ્કૃતિના ઉદયે માનવીની જરૂરિયાતો વધારી તેથી ઉત્પાદન વધારવાની જરૂર પડી. વૈજ્ઞાનિક શોધોનો વિવેકહીન ઉપયોગ તથા અસંયમ અને કુદરતી સાધનોના શોષણ દ્વારા માનવીએ પ્રકૃતિ પર આક્રમણ કર્યું. પર્યાવરણના સંદર્ભે અહિંસા વિશે વિચારણા કરતાં જણાશે કે ભગવાન મહાવીરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ દરેકમાં જીવ છે, આ દરેકને સ્વતંત્ર સત્તા છે, તેઓ કોઈકના માટે નથી બન્યાં, આ પાંચ તત્ત્વોમાં સ્થિર રહેનારા જીવોના અસ્તિત્વનો સ્વીકાર કરી હિંસાથી બચવા કહ્યું. જલ (પાણી), વાયુ, માટી (પૃથ્વી), ઉષ્ણતા (પ્રકાશ) અને પ્રાણીઓ આ તમામ મળીને પર્યાવરણ અથવા વાતાવરણ રચે છે. આ તમામ ઘટકોનું પરસ્પર સંતુલન ન જળવાય તો પ્રદૂષણ ઉત્પન્ન થાય છે. જનજીવન પર પર્યાવરણ સંકટ આવી પડે છે.

પર્યાવરણની રક્ષા માટે અને જનજીવન માટે વૃક્ષો ઉપયોગી છે. વૃક્ષો ફળ અને છાંયડો આપે છે. સંતો વૃક્ષમંદિરો રચવાની વાત કરે છે. તો વૃક્ષપ્રેમીઓ સ્મૃતિવન દ્વારા અને પર્વના દિવસોએ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજે છે. વિશ્નોઈ ધર્મગુરુ શ્રી જાંભેશ્વરજી મહારાજ તો કહેતા કે (સર સાંઠે રૂંખ બચે તો ભી સસ્તો જાન) શિર સાટે પણ વૃક્ષની રક્ષા કરવાનો, વૃક્ષને બચાવવાનો પ્રસંગ આવે તો વૃક્ષની કિંમત કરતાં મસ્તક સસ્તું છે એમ ગણવું તે જ ખરો ધર્મ છે. શાશ્વતધર્મ દ્વારા અચલચંદજી કહે છે કે આ ગુરુજીનો ઉપદેશ ચરિતાર્થ કરતી એક ઘટના રાજસ્થાનના જોધપુર જિલ્લામાં બની ગઈ.

વિક્રમ સંવત ૧૭૮૭, ઈ.સ. ૧૭૩૦ ખેજડલી ગામમાં જોધપુર નરેશના આદેશથી ખીજડા (ખેજડી)નાં વૃક્ષો કાપવા કઠિયારાઓ આવ્યા. શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં તેનો સખત વિરોધ કરવામાં આવ્યો.

કઠિયારાઓની - વૃક્ષ હત્યારાઓની કુહાડીથી વૃક્ષને બચાવવા અમૃતાદેવી ખેજડીના વૃક્ષને બન્ને ભૂજાઓ પહોળી કરી વીંટળાઈ વળ્યાં અને તેણે પોતાની ડોક પર કુહાડીનો પ્રહાર ઝીલી લીધો. લોહીથી લથબથ બની અને વૃક્ષની રક્ષા કરવા શહીદ થઈ ગયાં. શ્રી અમૃતાદેવીની પુત્રીઓ, પડોશી આસીબાઈ, રત્નીબાઈ, ઈમરતી, સીમાબાઈ, ભાગુબાઈ સહિત એક એક વિરાંગનાએ શહાદત વહોરી. અમૃતાદેવીના પતિ રામોજી સહિત ઘણા લોકો શહીદ થયા. એક વ્યક્તિની ગર્દન પર કુહાડો પડતાં ધડથી મસ્તક અલગ થતું તો બીજી વ્યક્તિ નીડરતાથી શહાદતને આમંત્રણ આપતી. આમ ૩૬૩ લોકો શહીદ બન્યા. લોહીની નદી વહી. રાજાના કઠિયારાઓ હરકારોના હાથ રક્તરંજિત બની કાંપી ઉઠ્યા. હથિયારવિહીન 'નિહત્થા' લોકોનો વૃક્ષપ્રેમ જોઈ તેમના આવા અપ્રતિમ અને ભવ્ય બલિદાન જોઈ રાજા પાસે જઈ ઘટનાની વાત કહી.

લોકોનો અહિંસા-પર્યાવરણ અને વૃક્ષો પ્રત્યેનો પ્રેમ જોઈ નરેશે વિષ્ણોઈ ગામોમાં વૃક્ષો કાપવા પર અને શિકાર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો. શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં વૃક્ષની રક્ષા માટે સ્ત્રીઓ દ્વારા દેવાયેલાં આ બલિદાન પર્યાવરણ અને વૃક્ષપ્રેમી માટે એક અનેરા ઉદાહરણરૂપ છે.

રાજ્ય સરકાર શ્રીમતી અમૃતાદેવીની સ્મૃતિમાં દર વર્ષે પર્યાવરણ પુરસ્કાર આપે છે એટલું જ નહિ, પરંતુ ખેજડલીને રાજ્યવૃક્ષ ઘોષિત કર્યું છે.

સંવત ૧૭૮૭ની ભાદરવા સુદ દશમના બનેલી આ ઘટનાની સ્મૃતિને જીવંત રાખવા અને વૃક્ષપ્રેમીઓની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા આ સ્થળે એક મેળો ભરાય છે, જેની સામે એક મેદાન છે. દુઃખની વાત એ છે કે ત્યાં વૃક્ષો બહુ જ ઓછાં છે. જે વૃક્ષો છે તેની સંભાળ પણ ઓછી લેવાય છે. શહીદોના નામની કોઈ ખાંભી પણ નથી. એ સ્થળ પર ૩૬૩ ખેજડી વૃક્ષ ઉગાડી વૃક્ષમંદિર બનાવવું જોઈએ અને તમામ શહીદોનાં નામની તક્તી મૂકી સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવું જોઈએ, જેથી પર્યાવરણ અને વૃક્ષપ્રેમીઓ માટે તે સ્થળ તીર્થ બની શકે અને તે દિવસ વૃક્ષારોપણનો પાવન દિવસ બની શકે.

ઋષિઓ અને જૈનાચાર્યો કહે છે કે, વૃક્ષવિહીન ધરતી લોકોમાં ક્રૂરતા અને બર્બરતાના બીજ રોપશે. વન આપણા પ્રાણવાયુનો ભંડાર છે. એક વ્યક્તિને દરરોજ ઓછામાં ઓછો ૧૬ કિલોગ્રામ ઑક્સિજન જોઈએ અને એટલો જ ઑક્સિજન પેદા કરવા માટે પચાસ વર્ષનું આયુષ્ય તથા ૫૦ ટન વજન ધરાવતાં પાંચ-છ વૃક્ષો હોવા જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો પાંચ-છ વૃક્ષો કાપવા એટલે પરોક્ષ રીતે એક વ્યક્તિને પ્રાણવાયુથી સદંતર વંચિત કરી દેવી. વાસ્તવમાં તેનો શ્વાસ રૂંધી તેની હત્યા કરવા સમાન છે. ભયાનક રીતે કુદરતી સંપત્તિ, પાણી અને વૃક્ષોને ઓહિયા કરનારી સંસ્કૃતિનો આડેધડ વિકાસ થશે તો તે વિકૃતિમાં બદલી જશે. વૃક્ષ કે પ્રકૃતિની એવી કેટલીય વસ્તુઓ આર્ટ ગૅલરીમાં મૂકવા માત્રનું શો પીસ, એન્ટિક પીસ, ચિત્ર શિલ્પ કે માત્ર દંતકથા બની જશે. વિવેકપૂર્ણ ઉપયોગમાં સંયમ અને અચેતન તથા ચેતનજગતના અસ્તિત્વનો સ્વીકાર અભિપ્રેત છે. આપણા સૌ માટે ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ પાછા વળવાનો સમય પાકી ગયો છે.

# જૈનો માટે જૈન જીવનસાથી

**www.jainshubhlagna.com** જૈનશુભલગ્ન.કૉમ

સમસ્ત જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓ સુમધુર સંગીતમય ત્થા મૈત્રીભર્યા માહોલમાં એકબીજા સાથે હળીમળી શકે ત્થા બાયોડેટાની આપ લે કરી શકે તે હેતુથી સોરઠ ફ્રેન્ડસ ગ્રુપ ફરી એકવાર પ્રસ્તુત કરે છે એક અનોખો કાર્યક્રમ...




**સ્થળ :**
**શ્રી કચ્છી લોહાર વાડી,**
**લક્ષ્મીનારાયણ લેન,**
**માટુંગા (સે. રે.),**
**મુંબઈ - ૪૦૦ ૦૧૯.**

- ઉમેદવારોની ફેસ ટુ ફેસ મીટીંગ
- વડીલો સાથે ૧-૧ મીટીંગ
- સ્ટેજ પર કોઈપણ જાતની પરિચય વિધી નથી
- ચા-પાણી, મ્યુઝીક અને ડીનર

Organiser:
SORATH FRIENDS

## પ્રવેશ ફી રૂ.૪૦૦/- પ્રતિ વ્યક્તિ

(ભોજન તથા ચા-પાણી સામેલ છે. ઉમેદવાર સાથે વધુમાં વધુ ૨ વ્યક્તિઓને પ્રવેશ.)

રજીસ્ટ્રેશન તા. ૨૫.૦૨.૨૦૧૧ સુધી વહેલો તે પહેલોના ધોરણે સ્વીકારવામાં આવશે.

**સોરઠ ફ્રેન્ડસ (C/o. ઝંકાર ઈલેક્ટ્રોનિક્સ)**
૨/૧૨, ભુતા નિવાસ, ડો. આંબેડકર રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ - ૧૯. ફોન: ૨૪૧૨ ૫૪૫૦
ઈમેઈલ : sorathmail@gmail.com • વેબસાઈટ : www.jainshubhlagna.com / www.sorath.in

મહેશ વોરા, માટુંગા: ૯૩૨૨૨ ૨૨૫૬૫
હેમાંશુ વોરા, મરીન લાઈન્સ: ૯૮૨૧૬ ૩૫૪૭૪
મનોજ મહેતા, બોરીવલી: ૯૩૨૨૨ ૧૨૮૯૨
દિપ્તી માઝની, મીરા રોડ: ૯૩૨૦૭ ૧૧૪૨૪

# અનેક આત્માઓ માટે ભવજળ તારણહાર, મહાપ્રભાવક એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનની કેટલીક ઉપયોગી અને ઉપકારક માહિતી

■ ચીમનલાલ કલાધર

જૈનોના વર્તમાન ૨૪ તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણક દિન 'પોષ દસમી' તરીકે સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં જૈનો વસ્યા છે ત્યાં ત્યાં ખૂબ જ હર્ષોલ્લાસથી ઊજવાય છે. 'જૈન જાગૃતિ સંદેશ'ના સુજ્ઞ વાચકો માટે શ્રી પાર્શ્વનાથ પ્રભુની અનેક દુર્લભ માહિતી અત્રે પ્રસ્તુત કરતા અતિઆનંદ થાય છે.

❑ **શ્રી પાર્શ્વનાથ ભગવાનના દશ ભવો :**

શ્રી પાર્શ્વનાથ ભગવાનના દશ ભવો આ પ્રમાણે થયેલા છેઃ (૧) પહેલો ભવ મરૂભૂતિનો (૨) બીજો ભવ વિધ્યાંચળ પર્વતમાં હાથીનો (૩) ત્રીજો ભવ દેવનો (આઠમા સહસ્ત્રાર દેવલોકમાં) (૪) ચોથો ભવ કિરણવેગ વિદ્યાધરનો (૫) પાંચમો ભવ દેવનો (બારમા અચુત્ય દેવલોકમાં) (૬) છઠ્ઠો ભવ વ્રજનાભનો (૭) સાતમો ભવ લલિતાંગ નામે પરમાધ્યિક દેવનો ગ્રેવેયકમાં (૮) આઠમો ભવ સુવર્ણબાહુ (કનકબાહુ)નો (૯) નવમો ભવ દેવનો (દશમા પ્રાણાત દેવલોકમાં) (૧૦) દસમો ભવ તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુનો.

❑ **શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પાંચ કલ્યાણકો :**

(૧) ચ્યવન કલ્યાણક : શ્રી પાર્શ્વનાથ ભગવાનના દશમા પ્રાણાત નામના દેવલોકમાંથી ફાગણ વદ-૪ (મારવાડી મિતિ ચૈત્ર વદ-૪)ને દિવસે વારાણસી નગરીના અશ્વસેન રાજાની પટ્ટરાણી વામાદેવીની કુક્ષિમાં ચ્યવન પામ્યા.

(૨) જન્મ કલ્યાણક : શ્રી પાર્શ્વનાથ ભગવાન નવ માસ અને સાડા સાત દિવસ ગર્ભમાં રહી માગસર વદ-૧૦ (મારવાડી મિતિ પોષ વદ-૧૦) ને દિવસે વિશાખા નક્ષત્રમાં વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની પટ્ટરાણી વામાદેવીની કુક્ષિએ જન્મ પામ્યા.

(૩) દીક્ષા કલ્યાણક : શ્રી પાર્શ્વનાથ ભગવાને વારાણસી નગરીમાં માગસર વદ-૧૧ (મારવાડી મિતિ પોષ વદ-૧૧)ને દિવસે અઠ્ઠમના તપપૂર્વક ઘાતકી વૃક્ષની નીચે ૩૦૦ પુરુષો સાથે દીક્ષા અંગીકાર કરી.

(૪) કેવળજ્ઞાન કલ્યાણક : શ્રી પાર્શ્વનાથ ભગવાને ૮૪ દિવસનો છદ્મસ્થકાળ વ્યતીત કરીને ફાગણ વદ-૪ (મારવાડી મિતિ ચૈત્ર વદ-૪)ને દિવસે વારાણસી નગરીમાં છઠ્ઠના તપપૂર્વક કેવળજ્ઞાન પામ્યા.

(૫) નિર્વાણ કલ્યાણક : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને શ્રાવણ સુદ-૮ (મારવાડી મિતિ પ્રમાણે ભાદરવા સુદ-૮)ના દિવસે એક માસની સંલેખના કરીને શ્રી સમ્મેતશિખર તીર્થ પર કાઉસગ્ગ ધ્યાને રહીને મોક્ષપદને પામ્યા.

❑ **'પાર્શ્વ' નામ કેમ પડયું ? :**

વામામાતાના ઉદરમાં પ્રભુ પાર્શ્વ ગર્ભકાળ પસાર કરી રહ્યા હતા ત્યારે સગર્ભા વામાદેવીએ કૃષ્ણ પક્ષની રાત્રીમાં પણ પડખે થઈને નીસરતા સર્પને જોયો. વામાદેવીએ આ વાત પોતાના પતિ અશ્વસેન રાજાને જણાવી. અશ્વસેન રાજાને લાગ્યું કે ગર્ભમાં રહેલા પુણ્યાત્માનો જ પ્રભાવ છે. આ પ્રસંગને યાદ રાખીને જન્મ થયા બાદ બાળકનું નામ પાર્શ્વકુમાર રાખવામાં આવ્યું.

❑ **શ્રી પાર્શ્વનાથ પ્રભુ 'પુરુષાદાનીય' કેમ કહેવાયા ? :**

સકળ વિશ્વમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો અચિંત્ય મહિમા છે. શક્તિ, સામર્થ્ય અને ગુણવિકાસ બધા તીર્થંકરોમાં સમાન હોવા છતાં આદેય નામકર્મની તથાવિધ વિશેષતાને લીધે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ અધિક વિસ્તાર પામ્યો છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું 'પુરુષાદાનીય' વિશેષણ ખૂબ જ પ્રતીતિકર છે. આદેય એ નામકર્મની શુભ પ્રકૃતિ છે. એ પ્રકૃતિનો ઉદય વર્તમાનકાળ પર તો અસર કરે જ છે, પરંતુ ભૂતકાળ અને ભવિષ્યકાળ પર પણ અસર કરે છે. ચરિતાનુયોગને આધારે ગઈ ચોવીશીથી આરંભીને વર્તમાનકાળ સુધી તો આ ત્રણે લોકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું નામ અખંડિતપણે લેવાય છે અને ભવિષ્યમાં આવતી ચોવીશી સુધી તે લેવાશે તેવું આપણા શાસ્ત્રકારોનું કથન છે.

